પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

13 એપ્રિલ 2016

**ભારતીય રિઝર્વ બેંક ઇનસેટ લેટર 'L' સહિત ₹ 10 ના મૂલ્યવર્ગની બેંકનોટ બહાર પાડશે.**

ભારતીય રિઝર્વ બેંક, મહાત્મા ગાંધી શૃંખલા – 2005 અંતર્ગત ડૉ. રઘુરામ જી. રાજન, ગવર્નર દ્વારા હસ્તાક્ષરિત ₹ 10 ના મૂલ્યવર્ગની બેંકનોટ બહાર પાડશે. આ બેંકનોટોમાં ઇનસેટ લેટર 'L' હશે. પાછળના ભાગ પર મુદ્રણ વર્ષ '2016' અંકિત કરેલું હશે.

બહાર પાડવામાં આવનાર બેંકનોટોની ડિઝાઇન, મહાત્મા ગાંધી શૃંખલા – 2005 અંતર્ગત પૂર્વે બહાર પાડેલ ₹ 10 ના મૂલ્યવર્ગની બેંકનોટોના સમાન જ હશે. કેવળ એટલો ફરક હશે કે નીચે આપેલ નોટના ચિત્રપટમાં દર્શાવ્યા મુજબ પ્રસ્તુત નોટોની સંખ્યા પેનલોમાં અંકોનું કદ ડાબીથી જમણી બાજુ વૃદ્ધિ પામતું હશે જ્યારે પહેલા ત્રણ અક્ષરીય-અંક (જે અંકની શરુઆતમાં આવે છે)નું કદ એકસમાન રહેશે.




સંખ્યા પેનલોમાં વધતા કદના અંકો સહિતની બેંકનોટો ₹ 50, ₹ 100, ₹ 500 વ ₹ 1000 ના મૂલ્યવર્ગોમાં પહેલા પણ બહાર પાડવામાં આવેલી છે.

બેંક દ્વારા પહેલા બહાર પાડવામાં આવેલ ₹ 10 ના મૂલ્યવર્ગની બધી જ બેંકનોટ વૈધ મુદ્રા રહેશે.

**અજીત પ્રસાદ**
સહાયક પરામર્શદાતા

**પ્રેસ પ્રકાશન : 2015-2016/2413**